# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૪ (B) તા.૨૪-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ- ૫ સપ્ટેમ્બર-૨૦૧૭ 'શિક્ષક દિન'ની ઉજવણી કરવા બાબત.**
**સંદર્ભઃ- ક્રમાંક નં.૪૬/સકમ/શિ.દિન-૧૭/જ/૩૬૯૯-૩૮૪૭,તા.૩૧/૭/૧૭. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર**

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે દર વર્ષની જેમ ૫મી સપ્ટેમ્બર 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે. તે રીતે ચાલુ વર્ષે પણ ૫મી સ્પટેમ્બર-૨૦૧૭ના દિવસને 'શિક્ષક દિન' તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. શિક્ષક દિનની ઉજવણી માટે આપના કક્ષાએ નીચે મુજબ કાર્યવાહી હાથ ધરશો.

૧. આપની શાળાના ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક તથા આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈને આયોજન કરશો.
૨. શિક્ષક દિનની ઉજવણી દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ શિક્ષક દિન નિમિત્તે વધુમાંવધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું આયોજન ગોઠવવું.
૩. આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તારીખ ૫ સપ્ટેમ્બર થી શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.
૪. ઉપર દર્શાવેલ અભિયાન દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરનાર સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|
| ૧. | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી, સંબંધિત નગર/મહાનગર શિક્ષણ સમિતિ. |

**શિક્ષક દિન માટે આયોજન કરવા માટે માર્ગદર્શનઃ-**

**૧.** <u>**જાહેરાત**</u>:- વર્ણનાત્મક પોસ્ટરો, સિનેમા સ્લાઈડો અને વર્તમાન પત્રોમાં જાહેરાત કરવાની ગોઠવણી કરવી.
**૨.** <u>સભાઓ</u>:- શિક્ષણ સંસ્થાની સમિતિની વિવિધ સંસ્થાઓ સાથે મળીને શિક્ષકોના લાભાર્થે સભાઓ. મેળાવડાઓ યોજવા શિક્ષક આવતી પેઢીનું ઘડતર કરવાના ચાવીરૂપ અગત્યનું સ્થાન ધરાવે છે. તે હેતુસર વક્તૃત્વ સ્પર્ધા, લેખિત નિબંધ હિરફાઈ યોજવી આ અંગેના લેખ અગત્યના સામયિકોના સપ્ટેમ્બર-૨૦૧૭ અંકમાં પ્રસિદ્ધ કરવા.
**૩.** <u>શિક્ષકોના ચિત્રો બતાવવા</u>:- સિનેમાગૃહો, શૈક્ષણિક સામાજીક સંસ્થાઓ મારફતે શિક્ષકોની મહત્ત્વની કામગીરીવાળા ચલચિત્રો પ્રદર્શિત કરવા આવા ચિત્રો સેન્ટ્રલ બાયબ્રેરી ન્યુ દિલ્હી અથવા રાજ્ય ફિલ્મ લાયબ્રેરીમાંથી ઉપબબ્ધ થઈ રહેશે. તે માટે માહિતી ખાતા દ્વારા કાર્યવાહી કરવી.
**૪.** <u>**સાંસ્કૃતિક અને વિવિધ કાર્યક્રમો**</u>:- સાંસ્કૃતિક સંસ્થાઓ માન્ય મંડળો અને અન્ય મંડળોએ શિક્ષક દિનની સાથે કે અલગ અલગ સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમ યોજવા અને તેની આવક શિક્ષક કલ્યાણ નિધિના ભંડોળમાં જમા કરાવવી. આવી આવકને મનોરંજન કરમાંથી મુક્તિ આપવી.
**૫.** જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને 'શિક્ષક દિન' નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી આ દાન આવક વેરામાંથી મુક્તિ માટે જણાવી શકાય.
**૬.** જિલ્લાના સારા અને શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનીત કરવાનો કાર્યક્રમ જિલ્લાની/સંસ્થાઓમાં રાખી શકાય અને શાળાઓ તેમના સાર કાર્યની ચર્ચા-પરિચય કરી શકાય.
**૭.** <u>**ચલચિત્રો બેનીફીટ શો**</u>:- વધુ ભંડોળ એકત્ર કરવાના હેતુથી સિનેમાગૃહના માલિકોને તા. ૫/૯/૧૭ના દિવસના એક શોની આવક શિક્ષણ કલ્યાણ રાષ્ટ્રીય નિધિમાં જમા કરાવવા વિનંતી કરવી.

૮. **<u>રમત-ગમત અને મેળાવાડાનું આયોજન</u>**:- વ્યાયમના દાવ, કુસ્તી, હરિફાઈ, ક્રિકેટ, ફૂટબોલ, ટુર્નામેન્ટ જેવું આયોજન કરી પણ શકાય.

૯. શિક્ષકદિનની ઉજવણીનો અહેવાલ આ કચેરીને ડૉ. એસ.પી.ચૌધરી, નાયબ નિયામકશ્રીના નામ જોગ તા. ૨૬/૯/૧૭ સુધીમાં મોકલી આપવાના છે. આપના જિલ્લાના શાળાના કાર્યક્રમોના ફોટાગ્રાફ તથા એકત્રિત થયેલ ફાળાના વિગતો પણ અહેવાલમાં સામેલ કરી અત્રે મુખ્ય ઓફિસએ હેડ કલાર્ક બ્રાન્ચમાં તા. ૧૬/૯/૧૭ સુધી મોકલી આપશો.

**નોંધઃ- કોઈપણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીએ મોકલવો નહિં.**

તા.૨૪-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી